વડાપ્રધાને વિશ્વનાં સૌથી મોટા ઉમિયા માતાનાં મંદિરનું કર્યું ભૂમિપૂજન

૨૦૧૯ પછી હું જ રહેવાનું છું, કોઈ ચિંતા ના કરતા : મોદી

૧૦૦ વિઘા જમીન પર ૧૦૦૦ કરોડના ખર્ચે વિશ્વ ઉમિયા ધામનું નિર્માણ થવાનું છે, વડાપ્રધાને ૪૧ ફૂટ ઉંચાઇની મા ઉમિયાની પ્રતિમાના દર્શન કર્યા સાથે સાથે ૫૧ ફૂટ ઉંચાઇના ત્રિશૂળનું પૂજન પણ કર્યું

વીર જવાનો પરાક્રમ કરે તો નાનુ શુ કામ કરે મોટુ કરે, પાક્કુ કરે, જ્યાં કરવાનુ હોય ત્યાં જ કરે, ભારતનો મિજાજ બદલાયો, ભારતના સામાન્ય માનવીનુ મન બદલાયુ છે

ગાંધીનગર,તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે અમદાવાદમાં વિશ્વ ઉમિયા ધામનું ભૂમિપૂજન કરવામાં આવ્યું. એસજી હાઈવે પર જાસપુર ગામ ખાતે ૧૦૦ વિઘા જમીન પર વિશ્વ ઉમિયા ધામનું નિર્માણ થવાનું છે. ત્યારે લાખો પાટીદારોની હાજરીમાં પીએમ મોદીએ ભૂમિપૂજન કર્યું. આ મહા ભૂમિપૂજન સ્થાને ૪૧ ફૂટ ઊંચાઈની મા ઉમિયાની પ્રતિમાના પીએમ મોદીએ દર્શન કર્યા હતા. સાથો સાથ ૫૧ ફૂટ ઊંચાઈના ત્રિશૂળનું પૂજન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પીએમ મોદીએ સૂચક નિવેદન કરતા આગામી લોકસભા ચૂંટણી જીતવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો. મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીને યાદ કરતા કહ્યું કે જે કરવું હોય તે મોટું કરવું. નાનું શા માટે કરવું.

મોદીએ કહ્યું કે દેશનો મિજાજ બદલાયો છે.

પીએમ મોદીએ વિશ્વ ઉમીયા ધામની ભૂમિ પૂજનનું અનાવરણ કર્યું. તેમણે પોતાના સંબોધનમાં બોલ મારી મા, ઉમિયા માના સૂત્રોચ્ચાર કરાવ્યા હતા. તો સાથે જ હર હર મહાદેવ પણ કહ્યું હતું. તેમણે ભારત માતા કી જયના ત્રણ જયકાર બોલાવ્યા હતા.

પીએમ મોદીએ ઉમિયા ફાઉન્ડેન પ્રસંગે પ્રયાગરાજના કુંભમેળાની વાત કરી હતી, તેમણે કહ્યું કે આ વખતે સ્વચ્છતાની બાબત વિશ્વના અખબારોમાં થઇ. પીએમ મોદીએ આધ્યાત્મિક વિશે વાત કરતા જણાવ્યું કે, હજારો વર્ષોનો આપણો ઈતિહાસ છે કે, આ દેશને ઋષિ, ખેડૂતો, ગુરુ, શિક્ષકોના યોગદાનથી બનેલું છે.

મોદીએ વધુમાં કહ્યું કે, દેશ માટે હંમેશા મરજીવીયાના કતાર લાગેલી છે. આ દેશની ચેતના તેની પ્રેરણા હશે. એક પ્રકારે આપણે આધ્યાત્મિક પરંપરા સામાજિક ચેતનાની કેન્દ્રમાં રહી છે. જેને કારણે સમાજ જીવનમાં સમયાનુકુળ પરિવર્તન આવ્યું છે. સમય જતા કેટલુક વિસરાયું છે.

પીએમ મોદીએ ભ્રૂણ હત્યા વિશે વાત કરતા જણાવ્યું કે, જો આપણે માતા ઉમિયાની પુજા કરતા હોય, અને ભ્રૂણહત્યા કરીએ તો માતા ઉમિયા આપણને માફ કરે કે ના કરે. કેમ ચૂપ થઇ ગયા. કહીને જણાવ્યું હતું. મોદીએ કહ્યું કે, હું પહેલા ઉંઝાથી ખુબ નારાજ રહેતો હતો. કારણ કે દિકરીઓની સંખ્યા ઉંઝામાં ખુબ જ ઓછી હતી. જેના કારણે હું તેમને ખુબ ઠપકો આપતો હતો. આ સાથે પીએણ મોદીએ સ્ત્રી ભ્રૂણ હત્યાને લઈને શપથ લેવડાવ્યા હતા, કે આપણે ક્યારેય ભ્રૂણ હત્યા નહી કરીએ. હવે આ પાપ આપણે નહીં કરીએ.

નવી પેઢીમાં કેટલીક બાબતો

આવી રહી છે, આવનારી પેઢીને તબાહ કરી રહી છે. યુવા પેઢીને બચાવવી છે. વ્યસન, નશોના રસ્તે બાળકો ન જવા જોઈએ. પૈસાના જોરે આ વસ્તુઓ ઘરમાં ન ઘૂસે તે મા ઉમિયાના દરેક સંતાને જોવુ જોઈએ.

વીર જવાનો પરાક્રમ કરે તો નાનુ શુ કામ કરે. મોટુ કરે, પાકુકુ કરે, જ્યાં કરવાનુ હોય ત્યાં જ કરે. ભારતનો મિજાજ બદલાયો. ભારતના સામાન્ય માનવીનુ મન બદલાયુ છે. તેને કારણે દેશ આજે સંકલ્પ લઈ શકે છે અને સિદ્ધી હાંસિલ કરી શકે છે.

આજે મા ઉમિયાના ચરણોમાં આપણે છીએ ત્યારે છગનબાપાને યાદ કરવા જોઈએ. તેમના મૂળમાં છગનબાપાની દીર્ઘદ્રષ્ટિ હતી. આ મહાપુરુષે કોઈ આટાપાટા નહિ, પણ તેમણે શિક્ષણના રસ્તે પાટીદાર સમાજને ક્યાંથી ક્યાં પહોંચાડી દીધો. પણ હવે છગનબાપાથી નહિ ચાલે, હવે સેંકડો છગનબાપાની જરૂર છે. જે સમાજને નવી ચેતના આપે.

૨૦૧૯ પછી પણ હું જ છું તેની ચિંતા ન કરતા. આવુ કહેતા જ જનમેદનીમાં મોદી મોદીના નારા લાગ્યા હતા. તેમણે કહ્યું કે, ભારત સરકારે આમાં કંઈ પણ કરવું હોય તો દિલ્હીમાં જે ઘર છે તે તમારું જ છે.

અમદાવાદ મેટ્રોનું મોદીના હસ્તે ઉદ્ઘાટન

અમદાવાદ અને ગાંધીનગરના લોકોને વધુ સારી સુવિધા મળશે : મહારાષ્ટ્ર-ગુજરાતના લોકોને હમસફરની ભેંટ

અમદાવાદ, તા. ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતના અમદાવાદમાં મેટ્રોના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યું હતું. સાથે સાથે અમદાવાદના બીજા તબક્કાના શિલાન્યાસની વિધિ પણ કરી હતી. પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યા બાદ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની સાથે મેટ્રોની સવારી પણ કરી હતી. કેન્દ્રીય કેબિનેટને આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં અમદાવાદના બીજા તબક્કાને લીલીઝંડી આપી હતી. તબક્કા-૨માં બે કોરિડોર બનાવવામાં આવશે. જેની કુલ લંબાઈ ૨૮.૨૫૪ કિલોમીટરની રહેશે. આનાથી અમદાવાદ અને ગાંધીનગરના લોકોને સુવિધાના વધારે વિકલ્પો મળશે. અમદાવાદના પ્રથમ તબક્કાની કુલ લંબાઈ ૪૦.૦૩ કિલોમીટર છે. જેમાં ૬.૫ કિલોમીટર અન્ડરગ્રાઉન્ડ છે અને બાકી એલિવેટેડ છે. આનાથી માત્ર કનેક્ટીવીટી જ મળશે નહીં બલ્કે

યાત્રામાં લાગતા સમયને પણ બચાવી શકાશે. લોકોના જનજીવન પર પણ ખુબ અસર થશે. અમદાવાદ મેટ્રોનું કામ બે તબક્કામાં ચાલી રહ્યું છે. પ્રથમ તબક્કામાં વસ્ત્રાલથી થલતેજ ગામ સુધી અને બીજા તબક્કામાં ગ્યાસપુર ડેપોથી મોટેરા સ્ટેડિયમ સુધી આ તબક્કો ચાલનાર છે. દરમિયાન ગુજરાતના બે દિવસના પ્રવાસે પહોંચેલા મોદીએ આજે લોકોને અનેક મોટી યોજનાઓની ભેંટ આપી હતી.

મોદીએ પોતાની યાત્રાના ભાગરુપે જામનગરથી બાંદરા વચ્ચે એક નવી ટ્રેનની શરૂઆત કરાવી હતી. વડાપ્રદાને ગુજરાતમાં નવી હમસફર એક્સપ્રેસને લીલીઝંડી આપી હતી. રેલવેના કહેવા મુજબ જામનગરથી બાંદરા વચ્ચે ચાલતી આ ટ્રેનથી મહારાષ્ટ્રથી દ્વારકાના દર્શન માટે આવનાર યાત્રીઓને પણ આ સુવિધા મળશે. રેલવેના કહેવા મુજબ યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં લઈને વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે.

જામનગરથી બાંદરા સ્ટેશન વચ્ચે નવી ટ્રેન દોડાવવામાં આવશે. આ ટ્રેન જામનગરથી મંગળવાર, ગુરુવાર અને રવિવારે દોડશે જ્યારે બાંદરાથી સોમવાર, બુધવાર અને શનિવારે દોડાવવામાં આવશે. જામનગરથી આ ટ્રેન રાત્રે આઠ વાગે રવાના થશે. આગલા દિવસે ૧૦.૨૦ વાગે બાંદરા પહોંચશે. રિઝર્વેશનની પ્રક્રિયા તાત્કાલિક ધોરણે શરૂ કરાઈ છે. રાજકોટ, સુરત, વડોદરા થઈને આ ટ્રેન પસાર થશે. જામનગરથી ચાલતી હમસફર એક્સપ્રેસ મુખ્યરીરેત રાજકોટ, સુરેન્દ્રનગર, અમદાવાદ, આણંદ, વડોદરા, ભરુચ, સુરત, વાપી અને બોરીવલ્લી સ્ટેશન થઈને બાંદરા પહોંચશે.

રાજ્યના કાર્યક્રમોમાં મોદીની ગર્જના...

- વડાપ્રધાન મોદી ગુજરાતની બે દિવસની યાત્રાએ પહોંચ્યા
- ગુજરાત યાત્રાની શરૂઆત સૌરાષ્ટ્રના જામનગર ખાતેથી કરી
- જામનગરમાં મેડિકલ કોલેજ કેમ્પસમાં હોસ્પિટલ ઈમારતનું ઉદ્ઘાટન કર્યું
- ગુરુગોવિંદસિંહ હોસ્પિટલ દેશને સમર્પિત કરી જેમાં ૭૫૦ બેડની વ્યવસ્થા છે
- જામનગરમાં પીજી હોસ્ટેલનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું
- જામનગર બાદ મોદી જાસપુર ખાતે ઉમિયાધામના ભૂમિપૂજન કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચ્યા
- મંદિરના પ્રોજેક્ટ અંગે માહિતી મેળવીને સભા સ્થળે પણ પહોંચ્યા
- સભા સ્થળ પર લાખોની સંખ્યામાં પાટીદાર સમુદાયના લોકો ઉપસ્થિત રહ્યા હતા
- પાટીદાર સમુદાયના લોકો મોદી પહોંચ્યા ત્યારે ભારત માતા કી જયના નારા લગાવ્યા
- ઉમિયાધામના ભૂમિપૂજન કાર્યક્રમમાં મુખ્યમંત્રી રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ રહ્યા
- વિશ્વ ઉમિયાધામના ટોચના લોકો પણ ઉપસ્થિત રહ્યા
- છ મહિના બાદ વિદેશની ધરતી ઉપર જઈને જનજાગૃતિ કાર્યક્રમ યોજવા ઉમિયાધામની તૈયારી
- ૬૫૦ વિઘામાં ઉમિયાનગરનું નિર્માણ કરવાની જાહેરાત કરવામાં આવી
- ઉમિયાધામના કાર્યક્રમ બાદ મોદી અમદાવાદમાં મેટ્રોના ઉદ્ઘાટન માટે પહોંચ્યા
- મેટ્રોના પ્રથમ ફેઝનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું
- અમદાવાદના બીજા તબક્કા માટે શિલાન્યાસની વિધિ કરી
- પ્રથમ તબક્કાના ઉદ્ઘાટન બાદ મોદી અને રૂપાણી તથા નીતિન પટેલે મેટ્રોની મુસાફરી કરી
- મેટ્રોના લોકાર્પણ બાદ મોદી અમદાવાદના અસારવામાં સિવિલ હોસ્પિટલમાં વિવિધ કાર્યક્રમોમાં પહોંચ્યા
- સિવિલમાં ૧૨૦૦ બેડની ચાર બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું
- ન્યુ સિવિલ હોસ્પિટલનું ૧૪૫૦ કરોડના ખર્ચે રિનોવેશન કરવામાં આવ્યું છે
- ૧૧૦ એકર જમીનમાં બનેલી હોસ્પિટલમાં હાર્ટ, કિડની, આંખ, ડેન્ટલ અને કેન્સર જેવા સ્પેશિયાલિસ્ટ વિભાગો બનાવાયા

શહેરના અનોખા શિવભકતે શિવરાત્રીની ઉજવણી અનોખી રીતે કરી હતી. શહેરના ઘ-૨ પાસે સોડાની રેકડી ચલાવતા મહેન્દ્રકાકા સોડાવાળા (વિરમગામવાળા) શિવરાત્રી નિમિતે પાંચ હજાર સોડા અને લીંબુ શરબતનું વિતરણ વિના મુલ્યે કર્યું હતું. સવારથી સાંજુ સુધીમાં જેટલા નાગરીકો આવ્યા તે તમામને સોડા અને શરબતનું વિતરણ હસતા હસતા કર્યું હતું. સોડાવાળા મહેન્દ્રકાકાના હુલામણા નામથી જાણીતા આ કાકાની સોડા પણ તેમના નામની જેમ નગરજનોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે.

પંચદેવના મેળામાંથી પાકીટ અને મોબાઈલ ગુમ થયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૨ પંચદેવ મંદિર ખાતે શિવરાત્રીનો લોકમેળો ભરાયો હતો. આ મેળાની મોજ માણવા સેકટરના નાગરીકો સહિત આસપાસના ગ્રામજનો વર્ષોથી અહી આવે છે. પંચદેવનો મેળા આસપાસના વિસ્તારમાં પ્રચલિત છે. ત્યારે મેળામાં હજ્જારોની મેદનીને

કારણે વેપારીઓ પણ મોટી સંખ્યામાં આવે છે. શિવરાત્રીના મેળામાં પંચદેવ મહાદેવ મંદિર ખાતે મહાદેવના દર્શાનાર્થે ભકતોનું ઘોડાપુર ઉમટે છે.ત્યારે આ મેળાની જંગી મેદની વચ્ચે ખીસ્સાકાતરુ અને મોબાઈલ ચોર સક્રિય થઈ ગયા હતા.જયારે પંચદેવ મંદિરના પ્રાંગણમાંથી કેટલીક મહિલાઓના પર્સ ચોરાયાની ફરિયાદો ઉઠવા પામી હતી. જેમાં ૧૫ જેટલા પર્સ અને પાંચ જેટલા મોબાઈલ ચોરાઈ જવાની વાત ધ્યાને આવી હતી. પરંતુ પોલીસ ચોપડે નોંધાયા બાદ જ સત્તાવાર આંકડો બહાર આવી શકે છે. ત્યારે ગઠીયાઓ પણ મેળાની ભીડનો લાભ ઉઠાવવાનું ભુલ્યા ન હતા. ત્યારે મેળામાં સતત પાકીટ અને મોબાઈલ સાચવીને રાખવાની તંત્રની સુચના છતા ગઠીયાઓ ચોરી કરવામાં સફળ નીવડ્યા હતા.

ગંદુ રાજકારણ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કરી છે. કોંગ્રેસના નેતા દિગ્વિજયસિંહ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ પ્રશ્નો ઉઠાવ્યા છે. મોદીએ ગઈકાલે પટણામાં એનડીએની રેલીમાં હવાઈ હુમલાને લઈ પુરાવા માંગવા પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે એમ પણ કહ્યું હતું કે, વિપક્ષના આવા નિવેદનોના કારણે પાકિસ્તાની લોકો ખુશ થઈ રહ્યા છે. સિબ્બલે ટ્વિટમાં કહ્યું હતું કે, ન્યુયોર્ક ટાઈમ્સ, લંડન સ્થિત જેન ઈન્ફોર્મેશન ગ્રુપ, વોશિંગ્ટન પોસ્ટ, ડેઈલી ટેલિગ્રાફ, દ ગાર્ડિયન જેવા ઈન્ટરનેશનલ મિડિયામાં આવેલા અહેવાલને ટાંકીને કહ્યું હતું કે, બાલાકોટમાં આતંકવાદીઓને કોઈ નુકસાન થયું નથી. કપિલ સિબ્બલે ટ્વિટ કરીને કેન્દ્ર સરકાર પર ત્રાસવાદીના મામલે રાજનીતિકરણનો પણ આક્ષેપ કર્યો હતો. ઈન્ટરનેશનલ મિડિયા પાકિસ્તાની સમર્થન કરે છે કે, કેમ તેવો પ્રશ્ન પણ સિબ્બલે કર્યો હતો. જ્યારે આંતરરાષ્ટ્રીય મિડિયા પાકિસ્તાનની સામે બોલે છે ત્યારે અમે ખુશ થયા છીએ. ચિદમ્બરમે પણ કહ્યું હતું કે, ભારતીય હવાઈ દળના વાઈસ એરચીફ માર્શલે પણ મોતના આંકડાને લઈને ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો હતો. વિદેશ મંત્રાલયના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, કોઈ નાગરિક અથવા સૈનિકોના મોત થયા નથી તો આંકડો ૩૫૦ કેમ આપી દેવામાં આવ્યો છે. ભાજપ પ્રમુખ અમિત શાહે ગઈકાલે અમદાવાદમાં કહ્યું હતું કે, હવાઈ દળે હવાઈ હુમલામાં ૨૫૦થી પણ વધુ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. સિદ્ધૂએ ટ્વિટ કરીને કહ્યું હતું કે, સેનાના રાજનીતિકરણને બંધ કરવામાં આવે તે જરૂરી છે. બીજી બાજુ કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજયસિંહે કહ્યું હતું કે, અમેરિકાએ જે રીતે બિન લાદેનની સામે કાર્યવાહીના પુરાવા રજૂ કર્યા હતા તેવી જ રીતે પુરાવા જારી કરવા જોઈએ.

સિંહે કહ્યું હતું કે, તેઓ સેનાની કાર્યવાહીને લઈને પ્રશ્નો કરી રહ્યા નથી. આ ટેકનોલોજીનો યુગ છે. સેટેલાઈટના માધ્યમથી તમામ ફોટાઓ આવી જાય છે. અમેરિકાએ લાદેનના સંદર્ભમાં સમગ્ર વિશ્વને પુરાવા આપ્યા હતા. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ પ્રશ્નો ઉઠાવ્યા છે. વિદેશી મિડિયામાં જણાવવામાં આવ્યું છે કે, હવાઈ હુમલામાં વધારે નુકસાન થયું નથી. કોંગ્રેસના નેતાઓના આ પ્રકારના આડેધડ પ્રશ્નો તેમની હતાશા દર્શાવે છે જ્યારે હવાઈ હુમલા કરવામાં આવ્યા ત્યારે હવાઈ હુમલાના દિવસે જ પાકિસ્તાની વિસ્તારમાં મોટી સંખ્યામાં એમ્બ્યુલન્સો નજરે પડી હતી. જૈશે મોહમ્મદે પોતે કેમ્પ ઉપર હુમલા થયા હોવાની વાત સ્વીકારી છે. ભારે નુકસાન થયાની વાત પણ સ્વીકારી છે. આવી સ્થિતિમાં કોંગ્રેસી નેતાઓના પ્રશ્નો હકીકતમાં પાકિસ્તાની મિડિયાને ખુશ કરે તે પ્રકારના દેખાઈ આવે છે.

ગુરૂ બન્યા

● **છેલ્લા પાનાનું ચાલુ**

કરાય, જળ બચત કેવી રીતે કરી શકાય તેમની કાલી કાલી ભાષામાં સમજાવ્યુ. આ બાળકોએ આ પછી તેઓ જે ફળિયામાં રહે છે ત્યાંના ફળિયાવાસીઓને સમજાવવાની કામગીરી હાથ ધરી. ખુબજ સફળતા મળી અને તેથી પ્રેરાયેલા આ બાળકોએ હવે ગામના અન્ય ફળીયાઓમાં પણ પાણીની બચત કેવી રીતે થઈ શકે, પાણીનો બગાડ કેવી રીતે અટકાવી શકાય, પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો જોઈએ તેવી વાતો ગ્રામજનો સાથે શરૂ કરી છે.

રાજ્યમાં સુજલામ સુફલામ ભાગ-૨ શરૂ થવાનુ હતુ તે પૂર્વે વાસ્મોના અધિકારીઓ અને અન્ય જળસંચયની કામગીરી કરતી સંસ્થાના પ્રતિનિધિઓ બાળકોની મુલાકાતે પહોંચ્યા હતા. આ બાળકો શાળાએ પીવા માટે જે પાણીની બોટલ લાવે છે તેમાં જો પાણી બચ્યુ હોય તો તે નાખી ના દેતાં ઘરે જઈ બોટલ ખાલી થાય તે પછી જ અન્ય પાણીનો ઉપયોગ કરતા જણાયા હતા. આ ઉપરાંત પાણીનો બગાડ કેવી રીતે અટકાવી શકાય તેને લઈ ફળિયાવાસીઓ સાથે વાત કરતા જોઈ સૌ અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા.

ઘરમાં ઘુસીને

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

લાખો અમદાવાદીઓને મેટ્રોથી ઘણો ફાયદો થશે. અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યા દૂર થશે. વડાપ્રધાન મોદીએ ટેકનોલોજીથી સજ્જ ૧૨૦૦ પથારી વાળી નવી સિવિલ કર્યું ઉદ્ઘાટન જેનો સિલાન્યાસ અમે કરીએ તેનું ઉદ્ઘાટન પણ અમે કરીએ છે. આજે કરેલી મેટ્રોનો સિલાન્યાસ કર્યો તેનું ઉદ્ઘાટન પણ અમે જ કરીશું મતલબ કે જ્યારે તેનું ઉદ્ઘાટન થશે ત્યારે અમારી જ સરકાર હશે. વધુમાં વડાપ્રધાને કહ્યું કે, દેશમાં ૨૦૧૪ પહેલા મેટ્રોનું નેટવર્ક ૨૫૦ કીમીનું હતું. જ્યારે ભાજપ સરકારમાં ૬૫૦ કિમી થયું છે. અને દેશના અલગ અલગ વિસ્તારોમાં ૮૦૦ કિમી મેટ્રો પર કામ ચાલી રહ્યું છે. આ પ્રકારના વાક્યો બોલીને વડાપ્રધાને ૨૦૧૪ પહેલા ચાલતી કોંગ્રેસ સરકાર પર પ્રહારો કર્યા હતા. વન નેશન વન કાર્ડ અંગેની માહિતી આપતા વડાપ્રધાને કહ્યું હતું કે, આ કાર્ડની મદદથી નાગરિકોને ફાયદો થશે. આ કાર્ડની મદદથી સમગ્ર દેશમાં તમે છૂટા રૂપિયાની માથાકૂટ વિના મુસાફરી કરી શકાશે. હવે દેશમાં વન નેશન વન કાર્ડનું સપનું પૂર્ણ થયું છે. કોમના મોબિલીટીથી શોપીગ પણ કરી શકાશે તથા દેશના તમામ વિસ્તારોમાં આ કાર્ડથી મુસાફરી કરી શકાશે. ગુજરાત માટે પણ ગર્વની વાતએ છે, કે હવે વડોદરાના સાવલી ખાતે બની રહેલા મેટ્રોના કોચનું નિકાસ કરવામાં આવી રહ્યું છે. હું જ્યારે નાનો હતો ત્યારે તમામ રૅંપાટણ-ભીલડીની વાત કરતા હતા. હવે તેનું કામ પૂર્ણ થયું છે. થોડાક જ વર્ષોમાં ગુજરાતના લોકોએ જ ગુજરાતની તસવીર બદલી દીધી છે. લોથલમાં બનાવેલા નેશનલ મેરિટાઇમ હેરિટેઝ મ્યુઝિયમ બનાવાને કારણે સમગ્ર વિશ્વમાં ડંકો વાગશે. જે પાંચ હજાર વર્ષ જુનુ બંદર છે. માટે આ સ્થળનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. નેશનલ મેરિટાઇમ હેરિટેઝ મ્યુઝિયમનું સિલાન્યાસ અમે કર્યું છે. ત્યારે મને ભારતની જનતા પર વિશ્વાસ છે, કે હેરિટેઝ મ્યુઝિયમનું ઉદ્ઘાટન પણ અમે જ કરીશું. અમારી સરાકરે દેશને સ્વચ્છ કરવાનું કાર્ય કર્યું છે. રાષ્ટ્રહિત માટે ભાજપ સરકારે અનેક સારા નિર્ણયો લીધા છે. અમે ભ્રષ્ટાચાર અને આંતકવાદ સામે લડવાની તૈયાર દેખાવી છે. હું જ્યારે મુખ્યમંત્રી હતો ત્યારે સિવિલમાંજ બોમ્બ બ્લાસ્ટ થયો હતો. તે દરમિયાનની કેન્દ્ર સરકારે આતંકવાદ સામે કોઈ પણ કાર્યવાહી કરી ન નહિ. આતંક વાદ સામે લડી શકે તેવી દેશમાં એક જ પાર્ટી છે.

બાળકો કુપોષણથી પિડાય...

● **છેલ્લા પાનાનું ચાલુ**

૩૮ બાળકોને વિકલાંગ તેમજ ૧૨૨૩ બાળકોને અન્ય નાની મોટી બિમારી જોવા મળી હતી.

૭૪૫ બાળકો શરીરની સ્થૂળતા ધરાવતા જણાયા હતા તો ૪૬૯ બાળકો તમાકુનું વ્યસન ધરાવતા જણાયા હતા. આ ચકાસણી દરમ્યાન ૧ બાળક માનસિક તણાવ અભ્યાસનો અનુભવતો પણ મળી આવ્યો હતો. તો ૩ બાળકો જાતીયરોગથી પિડાતા મળ્યા હતા. ગાંધીનગર શહેરમાં જ કુપોષિત બાળકો તેમજ ગંભીર બિમારીમાં પટકાયેલા બાળકોની સંખ્યા જે બહાર આવવા પામી છે તેને લઈ શિક્ષણ અને આરોગ્ય તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

બોમ્બ ઝીંકાયા હતા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હવાઈ હુમલામાં આતંકવાદીઓના મોતના સંદર્ભમાં પ્રશ્નોના જવાબમાં હવાઈ દળના વડાએ કહ્યું હતું કે, અમે ટાર્ગેટને હિટ કરીએ છીએ. માનવ મૃતકોની ગણતરી કરતા નથી. ટાર્ગેટ યોગ્ય જગ્યાએ હિટ થયા છે કે કેમ તે બાબત જોવાની જવાબદારી જ અમારી રહે છે. એરફોર્સના વડાએ એમ પણ કહ્યું હતું કે, ટાર્ગેટના સંદર્ભમાં વિદેશ સચિવે પોતાના નિવેદનમાં પહેલાથી જ સ્પષ્ટતા કરી દીધી હતી. અમે ટાર્ગેટને હિટ કરી ચુક્યા છે. અમે વન્ય વિસ્તારમાં હુમલા કર્યા હોત તો પાકિસ્તાનને જવાબ આપવાની કોઈ જરૂર ન હતી. મિગ-૨૧ બાયસનના ઉપયોગના સંદર્ભમાં હવાઈ દળના વડાએ કહ્યું હતું કે, અમે આ વિમાનનો ઉપયોગ કેમ ન કરીએ તેવો ચાલી રહેલા ઓપરેશનના સંદર્ભમાં કોઈ ટિપ્પણી કરી શકતા નથી. ઓપરેશન હજુ જારી છે. મિગ-૨૧ બાયસન અપગ્રેડેડ વિમાન છે. અમે અમારી પાસે તમામ ઉપલબ્ધ વિમાનોનો ઉપયોગ કરીશું. મિગ-૨૧ બાયસન સારા વિમાન પૈકી છે. તેને અપગ્રેડ કરવામાં આવ્યું છે. આ વિમાન વધારે સારા રડાર, એર ટુ એર મિસાઈલ અને શાનદાર વેપન સિસ્ટમથી સજ્જ છે. તેને અપગ્રેડ કરીને ૩.૫ જનરેશનના બનાવી દેવામાં સફળતા મળી છે. અમે અમારી પાસે રહેલા તમામ વિમાનોનો ઉપયોગ કરીશું. પ્લાન ઓપરેશનમાં અમે યોજના બનાવીએ છીએ. કઈ રીતે કરવામાં આવશે. દુશ્મનની કાર્યવાહીના જવાબમાં એ વખતે જે પણ વિમાન ઉપલબ્ધ હોય છે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

બાલાકોટમાં ત્રાસવાદી સંગઠન જૈશના અડ્ડા ઉપર હાલમાં જ જોરદાર કાર્યવાહી કરવામાં આવી હતી. હચમચી ઉઠેલા પાકિસ્તાને છેલ્લા સપ્તાહમાં ભારતીય લશ્કરી સ્થળો ઉપર હુમલાના પ્રયાસ કર્યા હતા. આ ગાળા દરમિયાન ભારતીય યુદ્ધ વિમાનોએ પાકિસ્તાનના એફ-૧૬ વિમાનોને ખદેડી મુક્યા હતા. એક એફ-૧૬ વિમાનને તોડી પાડવામાં આવ્યું હતું. આ વિમાનનો કાટમાળ પાકિસ્તાનમાં પડ્યો હતો. આ ગાળા દરમિયાન એક ભારતીય મિગ પણ દુર્ઘટનાગ્રસ્ત થયું હતું જેના લીધે પાયલોટ વિંગ કમાન્ડર અભિનંદન પેરાશૂટથી પોકમાં પહોંચી ગયા હતા. જો કે, ભારતના દબાણથી પાકિસ્તાનને અભિનંદનને છોડવાની ફરજ પડી હતી.